ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૩૦.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૩૫ ટકા

# પોલીસના 'ઈ-મેમો'એ કારચાલક મહિલાને રીક્ષા ડ્રાઈવર બનાવી દીધી

ગાંધીનગર, તા.૫

શહેરમાં માર્ગ સલામતીના નામે મીંડુ છે, ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે બેફામ ગતિએ દોડતા વાહનો ગમે ત્યારે જાન લેવા અકસ્માત સર્જે તેવી દહેશત છે. ત્યારે ટ્રાફિક નિયમન અને સલામતીના ભાગરૂપે ગોઠવાયેલી સીસીટીવી કેમેરાની વોચના અંતે પણ પારદર્શક કામગીરી થતી ન હોવાનું સ્પષ્ટ થયું છે. નગરની એક કાર ચાલક મહિલાને ઈ-મેમોમાં રીક્ષા ડ્રાઈવર દર્શાવાઈ છે. સાચા નામ સરનામા પર ખોટા વાહનની ઓળખ સાથે પહોંચેલા ઈ-મેમો અંગે કોને રજુઆત કરવી તે મુંઝવણ પણ મહિલાને સતાવી રહી છે.

ગાંધીનગર શહેરમાં યોગ્ય ટ્રાફિક નિયમન માટે મુખ્ય માર્ગો પર સીસીટીવી કેમેરાની વોચ ગોઠવવામાં આવી છે. જેના આધારે ટ્રાફિક નિયમનનો ભંગ કરતા વાહનચાલકો પાસેથી દંડ વસુલવા ઈ- મેમો ઘરે મોકલવામાં આવે છે. શહેરમાં છેલ્લા ઘણા સમયથી ટ્રાફિક નિયમનના નામે મીંડુ ચિતરાયેલું છે. ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે બેફામ અને બિન્દાસ્ત દોડતા વાહનો ગમે ત્યારે અકસ્માત નોંતરે છે. જેના કારણે શહેરના ખુલ્લા અને પહોળા માર્ગો પર થતા અકસ્માતો શિક્ષિત સમાજ માટે ચિંતાનું કારણ બન્યા છે. નગરમાં માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળો અંગે ઉદાસીનતા સેવાઈ રહી છે. જેના લીધે ટ્રાફિક નિયમન પણ માત્ર નામ પુરતુ હોવાનું સ્પષ્ટ થયું છે. શહેરના માર્ગો પર બેફામ ગતિએ દોડતા સ્પોર્ટસ બાઈકર્સ અન્યની જીંદગી જોખમમાં મુકે તેવી રીતે બાઈક દોડાવે છે. જેના પરિણામે અવાજના પ્રદુષણ ઉપરાંત આમ નાગરીકોની જીંદગી પણ જોખમમાં મુકાઈ છે. ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે દિન પ્રતિદિન પૈંડા પરની જીંદગી જોખમી બની છે. ત્યારે સીસીટીવી કેમેરાના વોચ હેઠળ મોકલાતા ઈ-મેમો ના અંતે કેટલાક કિસ્સામાં ગંભીર ક્ષતિઓ ધ્યાને આવી રહી છે. નગરની એક કાર ચાલક મહિલાને ટ્રાફિક પોલીસ દ્વારા ઈ- મેમો મોકલવામાં આવ્યો છે. જેમાં નામ સરનામું સાચુ છે, પરંતુ કેમેરાએ ખેંચેલી તસવીરમાં રીક્ષા દશ્યમાન થાય છે. જેથી ઈ- મેમો મેળવનાર મહિલા પણ મુઝવણમાં મુકાઈ છે. બીજી તરફ શહેરમાં ગુનાહિત પ્રવૃતિઓને ડામવા અને સલામતિના ભાગરૂપે મુકાયેલા સીસીટીવી કેમેરાના ફુટેજના અંતે થતી કામગીરી સામે પણ પ્રશ્નાર્થ સર્જાયો છે.



વિશ્વ પર્યાવરણ દિવસની વિવિધ સંસ્થાઓએ અલગ અલગ રીતે ઉજવણી કરી હતી. નવા સચિવાલય ખાતે કાર્યરત સરકારી આયુર્વેદ દવાખાના દ્વારા શહેરમાં ઔષધિય વનસ્પતિઓના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગરમાં સચિવાલય ખાતેના દવાખાના ઉપરાંત સે-૨૪માં આર્યસમાજ મંદિર ખાતે ચાલુ યોગ સેન્ટર ખાતે, સે-૧૯માં જીમખાના ખાતે તથા સે-૨૧માં વૃન્દાવન સ્વીટસના પાછળના ભાગે મળીને ચાર વિતરણ કેન્દ્રો પરથી આશરે ૩૦૦થી વધુ આર્યુવેદિક ઔષધિય વનસ્પતિના રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ સાથે રોપા લઈ જનારને વનસ્પતિનું મહત્વ તથા ઉપયોગ અંગે માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

## @ગાંધીનગર

● મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીના શ્રીમતી મધુબેન કિશોરભાઈ કડીકરના મધુર કંઠે આનંદનો ગરબો સે-૩-બી પ્લોટ નં. ૧૩૭૯/૧ હસીનાબેન અનિલભાઈ શર્માના નિવાસ્થાને રાત્રે ૮ થી ૧૧ કલાક દરમિયાન યોજાશે. સર્વે ભાવિક ભકતોને ભાવભર્યું આમંત્રણ છે.

● શહેરના સે-૧૫ આઈટીઆઈ ખાતે સવારે ૮ કલાકથી રોજગાર ભરતી મેળો હોસ્ટેલ બિલ્ડીંગ ઔદ્યોગિક તાલિમ સંસ્થા ખાતે યોજાશે.

# જેસીઆઈ ગાંધીનગર દ્વારા અવાજ પ્રદુષણ નિયંત્રણ માટે જાગૃતિ અભિયાન



ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જેસીઆઈ પ્રમુખ ડૉ. પરાગી ગાંધીના જણાવ્યા મુજબ વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે અવાજ પ્રદુષણથી થતા ગેરફાયદાઓની માહિતી આપીને તેમજ ઈમરજન્સી સિવાય હોર્ન નહીં વગાડવા માટેની સમજણ આપવામાં આવી હતી. ૫૦૦ જેટલા વાહનો ઉપર 'હોર્ન ના વગાડો અને શાંતિભંગ ના કરો' તેવા સ્ટીકર્સ ઘ-૨ સર્કલ આગળ અને એસટી ડેપો ખાતેના વાહનો ઉપર લગાડવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રમુખ પરાગી ગાંધીની આગેવાની નીચે પૂર્વ પ્રમુખ હસમુખ નાયક, જેસી હિતેષ પરમાર, પ્રતિક પટેલ, ઈતાલી ત્રિવેદી, તારક શાહ, નિરાલી શાહ અને વિપુલ બારોટે ભાગ લઈને વાહનો ઉપર સ્ટીકર્સ ચોંટાડયા હતા.

# કપડવંજ દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા.૫

પ.પૂ. ગો. ૧૦૮શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીની નિશ્રામાં વૈષ્ણવ જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત પ.પૂ.ગો.શ્રી આશ્રયકુમારજી મહોદય અને પ.પૂ.ગો.શ્રી શરણમ્ કુમારજી મહોદયની નિશ્રામાં પુષ્ટિ યુથ દ્વારા પુષ્ટિ કવીઝ-હરિફાઈનું આયોજન તાજેતરમાં કલ્યાણપ્રાસાદ, માંડવી, વડોદરા ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ન્યુ ગાંધીનગરની કુ. ભાર્વી દાણીએ દ્વિતિય સ્થાન મેળવી શહેરનું નામ રોશન કર્યું છે.

પુષ્ટિ કવીઝનો હેતુ યુવા વર્ગને ગમ્મત સાથે જ્ઞાન પ્રાપ્ત થાય, એમનામાં રહેલ આત્મવિશ્વાસ જાગૃત થાય અને પુષ્ટિમાર્ગની જાણકારી પ્રાપ્ત થાય તે હેતુથી આ હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. પુષ્ટિમાર્ગીય, હિંદુત્વ તથા સામાન્ય જ્ઞાનના આધાર પર આ પુષ્ટિ કવીઝનું આયોજન કરાયું હતું. આ હરિફાઈ અંગ્રેજી તથા ગુજરાતી બંને માધ્યમમાં યોજવામાં આવી હતી તથા બે વયજૂથમાં યોજવામાં આવી હતી. જેમાં કવીઝના ત્રણ રાઉન્ડ રમાડવામાં આવ્યા હતા. પ્રથમ રાઉન્ડ એમ.સી.કયુ. રાઉન્ડ બીજો રાઉન્ડ કવીક રાઉન્ડ તથા ત્રીજો અને ફાઈનલ રાઉન્ડ બઝર રાઉન્ડનો હતો. આ ત્રણેય રાઉન્ડને પસાર કરી હાલ ન્યુ ગાંધીનગર ખાતે રહેતી કુ. ભાર્વી દાણીએ વય જૂથ બી (ઉ. ૧૫ વર્ષથી ઉપર અને ૩૦ વર્ષ સુધી)માં બીજો નંબર મેળવી સમગ્ર કપડવંજ દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક સમાજનું, કુટુંબનું તથા ગાંધીનગરનું નામ ઉજજવળ કર્યું હતું. આ સાથે હિલવુડ્સ સ્કૂલમાં ભણતી કુ. ભાર્વી દાણીએ સીબીએસસી ધો-૧૦માં પણ ૧૦ સીજીપીએ (૯૫ ટકા) સાથે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી સ્કૂલ તથા સમગ્ર દાણી પરિવારનું નામ ઉજજ્વળ કર્યું છે. આ સાથે લખવાનો શોધ રાખતી કુ. ભાર્વીએ પોતાની સ્ટોરીઓ વોટપેડ એપ. પર પણ પબ્લિશ કરી છે. જેમાં એડવેન્ચર કેટેગરીમાં તેની સ્ટોરી 'વે બેક હોમ'ને ન્યુ ડાયમન્ડ સ્ટાર એવોર્ડ તરફથી ત્રીજો નંબર પ્રાપ્ત થયો છે. પ.પૂ.ગો.૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી, સમગ્ર કુટુંબીજનો તથા ગાંધીનગર સમાચાર પરિવારે તેણીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.




# સે-૮ની આદર્શ નિવાસી શાળાનું ૧૦૦ ટકા પરિણામ

ગાંધીનગરના સેકટર-૮ સ્થિત આદર્શ નિવાસી શાળા (અ.જા. કન્યા)નું ધોરણ-૧૨ના સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષાનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. આ પરીક્ષામાં



શાળામાંથી ૨૯ વિદ્યાર્થીનીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ગાયત્રી શિવાભાઈ મકવાણા ૯૮.૧૧ પર્સન્ટાઈલ સાથે શાળામાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થઈ છે. આ ઉપરાંત શાળાનું ધો-૧૦નું બોર્ડની પરીક્ષાનું પરિણામ ૮૩.૩૩ ટકા આવ્યું છે. જેમાં સ્નેહા વિનોદભાઈ જાદવ ૯૬.૩૯ પર્સન્ટાઈલ સાથે પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયા છે.

આદર્શ નિવાસી શાળાની ૨૯ વિદ્યાર્થીનીઓમાંથી કુલ ૧૨ વિદ્યાર્થીનીઓએ ૯૦થી વધુ પર્સન્ટાઈલ રેન્ક હાંસલ કર્યો છે. શાળાના ઉત્તમ પરિણામ માટે શાળાના આચાર્યા કુસુમબેન ચૌહાણે તમામ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત અનુસુચિત જાતિ કલ્યાણ વિભાગના નાયબ નિયામક નયનાબેન શ્રીમાળીએ શાળાના આચાર્યા સહિત સમગ્ર શૈક્ષણિક કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા છે.

# બુલેટ પર સ્ટંટ કરતા યુવકે કાબુ ગુમાવતા અન્ય યુવકને અડફેટે લઈ ઈજા પહોંચાડી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના માર્ગો પર બેફામ ગતિએ વાહનો હંકારતા બાઈકર્સ યુવકોનો આતંક વધી ગયો છે. માર્ગો પર બાઈક ફુલ સ્પીડે ચલાવીને સ્ટેન્ડ નીચે રાખી ઘસડાતા તણખલા પાડવા, બુલેટમાંથી ફટાકડા જેવો અવાજ કરવો, બાઈક ઉંચુ કરીને એક વ્હીલ પર ચલાવવું, ગોળ-ગોળ ફેરવી રોકી ટર્ન મારી પોતાના સાથી મિત્રોમાં રોલો પાડવા યુવકો વિવિધ કરતબો કરે છે. પરંતુ આ કરતબો દરમિયાન પોતાનું બેલેન્સ ખોઈ બેસે તો બીજા માટે જોખમી બની શકે છે. ત્યારે તાજેતરમાં આવો જ એક કિસ્સો શહેરના ઘ-૪ પાસે બન્યો છે. જેમાં બુલેટ પર કરતબ કરતા યુવકે પોતાનો કાબુ ગુમાવતા સામેની બાજુએથી આવી રહેલા યુવક સાથે અથડાયો હતો અને યુવકને ઈજા પહોંચાડી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરમાં બેફામ ગતિએ જતા વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી તંત્ર દ્વારા થવી જોઈએ તેવો સુર ઉઠવા પામ્યો છે. રોકેટ ગતિએ વાહનો હંકારતા નાગરીકો ટ્રાફિક નિયમના નિયમને ઘોળીને પી ગયા હોય તેવું લાગી રહ્યું છે. નગરમાં બે પૈંડા પરની જીંદગી જોખમી બની રહી છે. ત્યારે નગરમાં અવનવા સ્ટંટ કરતા યુવકો પણ સરેઆમ જોખમી કરતબો કરી પોતાની અને અન્ય નાગરીકોની જીંદગી સામે જોખમ ઉભું કરી રહ્યા છે ત્યારે શનિવારના રોજ મહાત્મા મંદિર તરફથી ઘ-૪ તરફ સેકટર-૨૨ માં રહેતો યુવક રૂષિલ મયુરભાઈ પટેલ પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન ઘ-૪ થી મહાત્મા મંદિર તરફ બુલેટ પર અવનવા કરતબ કરી રહેલા યુવકે પોતના બુલેટ પરનો કાબુ ગુમાવતા રૂષિલ સાથે અથડાતા તે નીચે પટકાયો હતો. અકસ્માતને પગલે આસપાસમાંથી અન્ય નાગરીકો એકઠા થઈ ગયા હતા. અકસ્માતને પગલે અન્ય સ્ટંટ કરતા યુવકો પળવારમાં ગાયબ થઈ ગયા હતા. જયારે યુવકને ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તેમજ ત્યાંથી વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં યુવકની તબિયત સારી હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે માર્ગો પર ફુલ સ્પીડે બાઈક હંકારતા વાહન ચાલકો સામે તંત્રએ લાલ આંખ કરવાની જરૂરીયાત ઉભી થવા પામી હોય તેવું લાગી રહ્યું છે

## આઈ લવ માય ગાંધીનગર



**મનીષ ખત્રી**
**આચાર્ય, પ્રેરણા વિદ્યાલય**

**ગાંધીનગર ગમે**

સુંદરતા, સરળતા, સગવડતા અને સહૃદયતાને કારણે ગાંધીનગર મને ગમે છે.

**નગરજનો**

'ગાંધીનગર એ મારું નગર' અને 'ગાંધીનગર એ સૌનું નગર એટલે કોઈનું નગર નહીં' એવી બે વિરોધાભાસી માન્યતાઓ ધરાવતા નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ગ્રો ફાઉન્ડેશન, જી ઈ કલબ, પ્લગ-ઈન્સ એન્ટરટેઈનમેન્ટ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, રેડક્રોસ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમની શિક્ષણ, સેવા, કલા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

'આ નગર એટલે મારું નગર' એવી ભાવના પ્રત્યેકના હૃદયમાં જાગે અને પ્રત્યેક નાગરિક નગરને બહેતર બનાવવા માટે યત્નશીલ થાય તો આ નગર બહેતર નહીં, શ્રેષ્ઠ બને એમ હું માનું છું.

**નગર માટે હું કરી શકું**

શિક્ષણ અને વ્યક્તિત્વ વિકાસનાં સઘળાં કાર્યો માટે મારું સઘળું યોગદાન આપવા માટે હું સદૈવ તત્પર છું.

## ટાટા ચોકડી પાસે આઈશર-બાઈક વચ્ચે અકસ્માત

ગાંધીનગર શહેરની ટાટા ચોકડી ખાતે આજે સવારના સુમારે બાઈક લઈને જીઆઈડીસીમાં નોકરી જઈ રહેલા યુવાનને આઈશર ટ્રક ચાલકે ગફલતભરી રીતે હંકારી અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલકને ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહીતી મુજબ ગાંધીનગર શહેરમાં વસવાટ કરતો અને સેકટર-૨૫ જીઆઈડીસી ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરતો સંજયજી કરશનજી ઠાકોર પોતાનું બાઈક નં-જીજે૧૮સીબી-૮૫૦૮ લઈને સવારે પોણાનવ વાગ્યાના અરસામાં જઈ રહ્યો હતો. તે દરમિયાન ટાટા ચોકડી પાસે આવી રહેલ આઈશર ટ્રક નં- એમએચ૦૪એફડી-૬૮૧૮ના ડ્રાઈવરે ગફલતભરી રીતે હંકારતા બાઈકને અડફેટ વાગતા અકસ્માત સર્જાયો હતો. બનાવને પગલે તાત્કાલીક આસપાસ ઉભેલા નાગરીકો અને અન્ય વાહનચાલકો દોડી આવ્યા હતા. અને ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે મોકલી આપ્યો હતો જેમાં યુવકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી તેમજ ફ્રેકચર થયું હોવાનું જાણવા મળ્યું હતું. બનાવ અંગે સે-૨૧ પોલીસે ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગરમાં વિશ્વ પર્યાવરણ દિવસે પર્યાવરણ રીસર્ચ મીટ યોજાઈ

ગાંધીનગર, તા.૫

પર્યાવરણ સંબંધિત સમસ્યાઓને ઉજાગર કરવા અને તેના ઉકેલ લાવવાના ઉમદા હેતુથી લોકોમાં જાગૃતિ આવે તે માટે 'પ્રકૃતિ સાથે લોકોનું જોડાણ' થીમ ઉપર ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન ( ગેમી ) અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા યોજાયેલ પર્યાવરણીય રીસર્ચ મીટને સંબોધતા પર્યાવરણ રાજય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, પર્યાવરણની સમસ્યા વૈશ્વિક સ્તરે વિકટ બની છે. પર્યાવરણની દુરોગામી અસરો અને ગ્લોબલ વોર્મિંગ જેવા અનેક પડકારોનું નિર્માણ થતાં સમગ્ર વિશ્વ ચિંતીત બન્યું છે. પર્યાવરણની સમસ્યાઓ વિકરાળ બને તે પહેલાં તેના સંરક્ષણ અને સંવર્ધનના પગલાઓમાં ગુજરાતે પ્રકૃતિને બચાવવા અને પ્રકૃતિના સહઅસિતત્વના ભાવનું મૂલ્યાંકન માનવી કરશે તો જ મનુષ્ય જીવન સુખી થઈ શકશે. પર્યાવરણ પ્રત્યે અસરકારક પરિણામો હાંસલ કરવા રાજય સરકારની સાથો સાથ લોક ભાગીદારીથી જન આંદોલન થાય અને લોકો પર્યાવરણ તથા પ્રકૃતિની જાળવણીમાં નોંધપાત્ર યોગદાન આપશે તો જ ફળદાયી પરિણામો પ્રાપ્ત થશે.

મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ પર્યાવરણીય રીસર્ચ મીટની અનોખી ઉજવણીના આયોજન બદલ ગેમીના ડાયરેકટર શ્રી ડાૅ. સંજીવ ત્યાગીને અભિનંદન આપીને જણાવ્યું હતું કે, પ્રકૃતિ સાથેના જોડાણને વધુ મજબૂત બનાવાય અને પર્યાવરણ પરની માનવીની નિર્ભરતા માટે આપો અને લો ની ભાવના વધુ બળવતર બનવી જોઈએ. પર્યાવરણીય રીસર્ચ મીટ વધુ લોકભોગ્ય બને તેવા પ્રયાસો કરવા તેમણે જણાવ્યું હતું.

પર્યાવરણ ક્ષેત્રે સંશોધનનું શ્રેષ્ઠ કામ કરતી ગેમીની અદ્યતન લેબોરેટરી ભારતીય વૈજ્ઞાનિકોનું ભવિષ્ય છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગેમી પર્યાવરણ સંશોધન માટે સક્ષમ છે. ગેમીને આંદામાન-નિકોબારના ૭ પ્રોજેકટનું કામ ગેમી દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. જે બદલ ગેમીના નિયામક શ્રી ડાૅ. સંજીવ ત્યાગીને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ગેમી રીચર્સ પોલીસી ડોકયુમેન્ટ, પર્યાવરણ સંશોધન કાર્યપ્રણાલી અને ગેમી લેબોરેટરી વિઝન ડોકયુમેન્ટ પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. ગુજરાત ઔષધિ વનસ્પતિ બોર્ડના ગાંધીનગર ખાતેના ઔષધિ ઉદ્યાનમાંથી ચંદનના ઝાડની રક્ષા જીવના જોખમે કરનાર સર્વે શ્રી અરવિંદભાઈ મફતલાલ પ્રજાપતિ, ગણપતસિંહ રેવાજી ચાવડા અને જયેશ જગદીશભાઈ પ્રજાપતિનું સન્માન કરીને પ્રત્યેકને રૂ. ૧ લાખના ચેક મંત્રીશ્રીના હસ્તે અર્પણ આવ્યા હતા. તેમજ પર્યાવરણ બચાવવા માટે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં હદયસર્પશી સૂત્ર અને પંચલાઈન આપનાર લોકોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ મીટમાં કલાઈમેટ ચેન્જ : ધી રોડ અહેડ, નેનો ટેકનોલોજી/ બાયોસેન્સર્સ/ બાયો-મોનીટરીંગ, પર્યાવરણ ક્ષેત્રે : ઈમેજ પ્રોસેસીંગ/ આર્ટીફિશીયલ ઈન્ટીલીઝન્સ અને એન્વાયરોમેન્ટ ગવર્નન્સ વિષય પર સેમિનાર દિવસ દરમ્યાન યોજાયા હતા. તે ઉપરાંત ગેમીના સીનીયર વૈજ્ઞાનિક ડાૅ. નિશાતા ખત્રીએ ગેમીના રીસર્ચ પોલીસી ડોક્યુમેન્ટનું પ્રેઝન્ટેશન કર્યું હતું. સીનીયર વૈજ્ઞાનિક મદદનીશ કુ. શેન્કી ભટ્ટે ગેમી લેબોરેટરીના વિઝન ડોક્યુમેન્ટનું પ્રેઝેન્ટેશન રજૂ કર્યું હતું.

આ પ્રસંગે ગેમીના નિયામક શ્રી ડાૅ. સંજીવ ત્યાગીએ મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સભ્ય સચિવ શ્રી કે.સી.મિસ્ત્રીએ કરી હતી.

આ મીટમાં વન અને પર્યાવરણ વિભાગના વરિષ્ઠ અધિકારી તથા દેશના અન્ય રાજયોના પર્યાવરણ ક્ષેત્રેના તજજ્ઞો, વૈજ્ઞાનિકો અને વિદ્યાર્થીઓ સહિત ૫૦૦થી વધુ લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

## ગાંધીનગરમાં ઔષધીય બાગમાંથી ચંદનનું લાકડું ચોરતા આરોપીઓ પકડવા બદલ ૩ નાગરિકોનું પ્રત્યેકને રૂ. એક લાખના પુરસ્કારથી સન્માન






# વિવેકાનંદ કોલેજ ઓફ કોમર્સના આચાર્ય તરીકે ડૉ. ભાસ્કર શુકલની નિમણુંક

ગાંધીનગર, તા.૫

વિવેકાનંદ કોલેજ ઓફ કોમર્સ અમદાવાદના પ્રિન્સીપાલ તરીકે ગાંધીનગરના ડૉ. ભાસ્કર શુકલની નિમણુંક થયેલ છે. વિવેકાનંદ એજયુકેશન ફાઉન્ડેશન અમદાવાદના ટ્રસ્ટીશ્રી હરિશંકર પંડયાએ ડૉ. શુકલને આવકાર આપ્યો હતો. ડૉ. શુકલએ કોલેજના વિકાસમાં મેનેજમેન્ટ તેમજ કોલેજના અધ્યાપકગણના સહકારની અપેક્ષા રાખેલ છે. વિવેકાનંદ એજયુકેશન દ્વારા આર્ટસ કોમર્સ બી.એડ. લૉ સહિતની કોલેજ ચલાવવામાં આવે છે.

## ચિરવિદાય

- સ્વ. વિજયાબેન દશરથલાલ મોદી, ઉ.વ. ૭૫
- સ્વ. ઠાકોર માસંગજી કાલાજી, ઉ.વ. ૬૭